## કાયદો-વ્યવસ્થાના મામલે આંખ-આડા કાન કરાય છે તે શોભતુ નથી

આજે અડધુ ગુજરાત મતદાન કરશે. છેલ્લા અડતાલીસ કલાકમાં ખતરનાક ખેલ ખેલાયા. રૂપિયાની હેરાફેરી થઈ, દારૂની હેરાફેરી થઈ, સમાજોએ સોગન ખાધા, દબંગ નેતાઓએ દબંગગીરી કરી, અસામાજીકોએ તોડફોડ કરી, ઘણુ બધું થયું અને ઘણું બધું થતા અટક્યું. પણ ખેર હજુ શાંતિ અને એખલાસનું વાતાવરણ જળવાયુ છે એ સારી નિશાની છે.




સલામતી અને સુરક્ષા, કાયદો અને વ્યવસ્થાના નામે વાતો કરનાર શાસક પક્ષના નેતાઓ થાકતા નથી ત્યારે કોડીનાર કે ગોંડલ, કુતિયાણા કે વાઘોડીયાની બેઠકોના ચૂંટણીપ્રચારનો એક્સ-રે રીપોર્ટ જોતા નથી કે આંખ આડા કાન કરે છે ? હત્યા કેસના આરોપી જેમને આજીવન સજા સુપ્રિમકોર્ટે ફરમાવી છે તેમને ત્રણ દિવસ માટે જામીન મંજુર થયા અને તે પણ ગુજરાતમાં નહિ પ્રવેશવાની શરતે... છતાં ખુલ્લેઆમ કોડિનાર વિસ્તારમાં છેલ્લા ચોવીસ કલાકથી ફરે છે. તો આમાં કયો કાયદો અને વ્યવસ્થા ? આ પ્રશ્ન પ્રજાને મુંઝવે છે. કોર્ટનો આદર શું ? કાયદાનો આદર શું ? અને આમ છતાં નિયમો અને નૈતિકતા માટે ગરજી-ગરજીને બોલતા કેમ શરમાતા નથી ?! અને આ તસવીરો અખબોરમાં છપાય તો પણ કોઈ મગનુ નામ મરી નથી પાડતું.

કોંગ્રેસની હંમેશા નબળાઈ એ રહી છે કે છેલ્લી ઘડીએ ભાજપને બોલવા માટે મુદ્દા આપે છે. દર વખતની જેમ આ વખતે પણ ખુબજ આક્રમક કોંગ્રેસ છેલ્લા બે દિવસમાં રક્ષણાત્મક સ્થિતિમાં મુકાઈ ગઈ અને તે માત્ર અને માત્ર પોતાના નેતાઓના ખોટા શબ્દ પ્રયોગોને કારણે. મણિશંકર ઐય્યરના 'નીચ' શબ્દ પ્રયોગથી પ્રધાનમંત્રી અને ભાજપ કેટલો ફાયદો

### ગુજરાતમાં કોંગ્રેસ જ કોંગ્રેસને હરાવે છે

ઉઠાવી રહી છે એ ૧૮મીએ જ ખબર પડશે. ૨૦૦૭માં, ૨૦૧૨, ૨૦૧૪માં જે ભુલ થઈ'તી એ જ ભુલ ૨૦૧૭માં પણ કોંગ્રેસ કરી રહી છે. કોંગ્રેસને ભાજપ નથી હરાવતુ પણ કોંગ્રેસને કોંગ્રેસ જ હરાવે છે અને આ હકિકત હવે સત્યમાં પરિણમે છે.

આપણે બન્ને પક્ષોના નાટકો જોઈ રહ્યા છીએ. કોઈક કોઈક ને તોડે છે, કોઈક કોઈક ને ફોડે છે, કોઈ પલ્ટી મારે છે, કોઈક પલ્ટી મરાવે છે. હજુ સમજાતુ નથી કે ચૂંટણી વિચારધારાની છે કે વ્યક્તિ વિશેષની..?! કોઈ પણ શાસનમાં વ્યક્તિ નહિ વિચારનું જ મહત્વ હોવું જોઈએ. અને વિચાર આધારિત શાસન માટે જ આપણો અભિપ્રાય અને આપણો મત નિર્ભિકતાથી આપશુ તો જ સુશાસન સ્થાપી શકીશુ. આવો સાથે મળી નિર્ણાયક મત આપીએ અને અપાવીએ. મતદાન મહાદાન.

- નિમિત્ત માત્ર



વિકાસ રેલી - પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ઉત્તર ગુજરાતના ભાભર, કલોલ અને હિંમતનગર ખાતે જંગી જાહેરસભાઓને સંબોધી હતી... પોતાની આગવી શૈલીમાં અને આક્રમક ભાષામાં રજૂઆત કરવા ટેવાયેલા પ્રધાનમંત્રી મોદીએ કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા... સાથો સાથ ભાજપની સરકારોની સિદ્ધિઓ પણ વર્ણવી હતી...

# ગુજરાતીઓના પ્રેમમાં ઓટ નહીં માત્ર વોટ જ આવ્યા છે : મોદી

**દરેક ગુજરાતીના બે હાથમાં લાડુ દિલ્હીમાં પોતાનો જણ બેઠો હોય ત્યારે ગુજરાતની પ્રગતિ માટે ચુંટણીમાં ભાજપને ૧૫૦ થી વધુ બેઠકો પર વિજયી કરવા હાકલ : દેશમાં ૫ કરોડ શૌચાલયો બનાવ્યા : અત્યાર સુધી ૩.૨૫ કરોડ મફત ગેસના જોડાણ આપ્યા**

ગાંધીનગર તા ૮

સૌનો ઉમંગ છલકાય છે. આજે કલોલે કમાલ કરી છે. જયારે મતદાનના દિવસે કમલ કમલ કરી દેશે. સમગ્ર દેશ દુનિયામાં માન સન્માન મળતુ હોય પણ આપણાજનો તરફથી પ્રેમ મળે ત્યારે શેર લોહી વધી જાય છે. આખી દુનિયા અને દેશના રાજયો માટે નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી છે. પરંતુ ગુજરાત માટે ઘરનો દીકરો છે. આ લાગણી પ્રેમ હિન્દુસ્તાન અને ગુજરાતના રાજકારણમાં બે દાયકા સુધી આપના પ્રેમમાં ઓટ આવી નથી પરંતુ વોટ જ આવ્યા છે. એવુ નથી કે ગુજરાતની પ્રજાની બધી અપેક્ષા પુરી કરી દીધી હશે પરંતુ સમગ્ર ગુજરાતીઓને ખબર છે કે મોદી જવાબદારી પુરી કરવામાં કોઈ કચાશ નહીં છોડે.તેમ કલોલમાં આજે જાહેરસભા સંબોધતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાંવ્યુ હતુ.

આજે દુનિયામાં ભારતનો જયજયકાર થાય છે. કારણ શું. ગુજરાતીઓએ મોદીને આપેલા સંસ્કાર અને શકિતના લીધે ભારતનુ નામ ચમકી રહયુ છે. કોંગ્રેસને એ વાતનો કદાચ ગુસ્સો હશે કે તેમના કુંટુબની ખુરશી લખાયેલી હોય પરંતુ ગુજરાતના વડનગરનુ ટાબરીયુ અહીં બેસી ગયુ. કોંગ્રેસે મોદીનો નહીં પરંતુ ગુજરાતનો બદલો લેવાની નેમ લીધી છે. તેમણે કોંગ્રેસ પર આકરી ટીકા કરતા જણાંવ્યુ હતુ કે કોંગ્રેસની ત્રણ ખાસિયત છે. તેના વગર ન ફાવે અટકામાં ,લટકામાં અને ભટકામાં.. અયોધ્યા રામ મંદિરનો મુદ્દો ૧૯ મી સદીથી ચાલે છે. આજે ૨૧ મી સદીમાં પણ નિવેડો આવ્યો નથી.

**મુદ્રા યોજના હેઠળ ૯ કરોડથી વધુ જુવાનોને ૪ લાખ કરોડની રકમ ચુકવી : કોંગ્રેસે મોદીનો નહીં ગુજરાતનો બદલો લેવાની નેમ લીધી છે : રામમંદિરનો મુદ્દો ૧૯ મી સદીથી કોંગ્રેસે અટકાવ્યો છે**

કોંગ્રેસ ૭૦ વર્ષથી ચુંટણીનો હિસાબ લેવામાં જ પડી છે. રામ મંદિરનો મુદ્દો પણ અટકાવ્યો છે. અમે એક એક સમસ્યાના નિરાકરણ માટે જવાબદારી લીધી છે. આટલો મોટો દેશ અને ખાલી ખુરશી સાચવીને બેસી રહીએ તો દેશનુ ભલુ ન થાય અને માટે જ મેં નક્કી કર્યુ છે કે હુ મારી શકિત દેશ સાચવવામાં લગાવીશ. દેશ અને ગુજરાતને ખુરશી સાચવવી હોય તો સાચવશે. ગાંધીનગર, પાટણ અને બનાસકાંઠા જિલ્લો આખી જિન્દગી પાણી વગર જીવ્યા છે. મહીલાઓએ ત્રણ કીમી દુર પાણી લેવા માટે દુર જવુ પડતુ હતુ. આ કોંગ્રેસ હોત તો નર્મદાના નીર તમારા ઘરે ન આવ્યા હોત. પંચાયતથી પાર્લામેન્ટ સુધી કોંગ્રસનુ રાજ હતુ. મહી નદીનુ પાણી દરિયામાં વહી જતુ હતુ. અને ઉત્તર ગુજરાત તરસે મરતુ હતુ. આમછતા કોંગ્રેસને કાંઇ સુજયુ નહી. કોંગ્રેસને નદી ન દેખાઇ પણ મોદીએ ગુજરાતના ગામડા ખુંદયા હતા ખેડુતોની તકલીફ જોઇ હતી. માટે

● અનુસંધાન પાન-૫ પર

## પ્રધાનમંત્રીની જાહેરસભા...

- કલોલના પંચવટી મેદાન ખાતે યોજાયેલી પ્રધાનમંત્રીની સભામાં મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ કેસરી ખેસ અને હુ છું વિકાસની ટોપી સાથે ઉમટી પડયા હતા.
- સભા સ્થળે મંચની ડાબી બાજુ ડાયરાના કલાકારોએ પણ ચુંટણીલક્ષી પ્રચાર કરવા રમઝટ બોલાવી હતી.
- ડાયરાના મંચ પરથી સતત માણસા , જેઠલજ અને કલોલમાં વિવિધ સમાજના કાર્યકરો ભાજપમાં જોડાયા હોવાની જાહેરાત કરવામાં આવતી હતી.
- પ્રધાનમંત્રી નિયત સમય કરતા અઢી કલાક મોડા સભા સ્થળે પહોંચ્યા હતા.
- હેલીકોપ્ટરનો અવાજ સાંભળતા જ આકાશ તરફ મીટ માંડીને ભાજપના સમર્થકો અને કાર્યકરોએ મોદી મોદીના નારા લગાવ્યા હતા.
- બપોરે ૩ કલાકે મોદીના આગમન સાથે સભાની શરૂઆતમાં પ્રધાનમંત્રીએ જિલ્લાના પાંચેય ઉમેદવારો સહીત ભાજપના આગેવાનોનુ સ્વાગત કર્યુ હતુ.
- જાહેરસભાના સ્થળે બિહારથી આવેલા ભાજપના પ્રચારક હનુમાનના સ્વાંગમાં હાથમાં ગદા અને માથે કમળની પ્રતિકૃતિ સાથે મોદીનો પ્રચાર કરતા આકર્ષણનુ કેન્દ્ર બન્યો હતો.
- મોદીના સંબોધન દરમિયાન સતત મોદી મોદી ના સુર ઉઠતા સભા સ્થળ ગાજી ઉઠયુ હતુ.
- નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલે પ્રજા બે પક્ષની સરખામણી કરતી હોવાનુ જણાંવી કોંગ્રેસની નેતાગીરીમાં કોઇ નવિનતા ન હોવાનુ જણાંવ્યુ હતુ
- કલોલ ભાજપના ઉમેદવાર ડો અતુલ પટેલે કોંગ્રેસમાં ૧૦ વર્ષથી કોંગ્રેસના લીધે વિકાસ રૂંધાયો હોવાનુ જણાંવી પ્રજાએ પરિવર્તન માટે મન બનાવી લીધુ હોવાનો વિશ્વાસ વ્યકત કર્યો હતો.

● અનુસંધાન પાન-૫ પર

# હાર્દિક પટેલ, અલ્પેશ ઠાકોર અને રાહુલ ગાંધી ગાંધીનગરની બેઠકોનું ચિત્ર બદલી નાંખશે..?

**૧૦, ૧૧ અને ૧૨ ડિસેમ્બરમાં સે. ૧૧, રૂપાલ અને કલોલ પાનસરમાં યોજાનાર મહાસભાઓ અસરકારક જશે તો ભાજપને મોટુ નુકશાન થાય તેવી શક્યતા**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લાની પાંચેય વિધાનસભા બેઠકો ઉપર ભાજપ-કોંગ્રેસના ઉમેદવારો વચ્ચે કાંટે કી ટક્કર જેવો ઘાટ ઘડાયો છે. ત્યારે બન્ને પક્ષો દ્વારા પક્ષના દિગ્ગજ નેતાઓ ગાંધીનગર જિલ્લામાં મહાસભા યોજી મતદારોને પોતાના પક્ષ તરફ વાળવા પ્રયત્નો કરી રહ્યા છે. નરેન્દ્ર મોદી દ્વારા આજે જ કલોલ ખાતે મહાસભા યોજાઈ ગઈ ત્યારે તા. ૧૦, ૧૧ અને ૧૨ ડિસેમ્બરે કલોલ પાનસર, સે. ૧૧ રામકથા મેદાન અને રૂપાલ ખાતે રાહુલ ગાંધી, અલ્પેશ ઠાકોર અને હાર્દિક પટેલની મહાસભાના એલાનથી માહોલ ગરમાયો છે. હાર્દિક-અલ્પેશ અને રાહુલ ગાંધી દ્વારા ત્રણ દિવસ યોજાનાર મહાસભાઓ ગાંધીગરની બેઠકોનું ચિત્ર બદલી નાખશે કે કેમ ? તે એક ચર્ચાનો વિષય બન્યો છે. તો બીજી તરફ આ મહાસભાઓ અસરકારક જશે તો ભાજપને ખુબ મોટુ નુકશાન થાય તેવી શક્યતાઓ પ્રબળ છે..!

મળતી માહિતી મુજબ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી ૧૦ ડિસેમ્બરે બપોરે ત્રણ વાગ્યે ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં આવેલી પાનસર ચોકડી ખાતે ઓલા ફાટક નજીક યુવા રોજગાર-ખેડૂત અધિકાર મહાસંમેલનમાં સભા સંબોધશે. બીજે દિવસે ૧૧ ડિસેમ્બરે સાંજે ૬ વાગ્યે ગાંધીનગર શહેરના સે. ૧૧ સ્થિત રામકથા મેદાન ખાતે રાહુલ ગાંધી મહાસભા સંબોધશે. ગાંધીનગર જિલ્લાના પાંચેય વિધાનસભા બેઠકો માટે યોજાનાર આ મહાસભામાં અલ્પેશ ઠાકોરની પણ વિશેષ ઉપસ્થિતિ રહેશે અને તે પણ સભા સંબોધશે. આ બન્ને મહાસભાઓ ઉપરાંત વર્તમાનમાં સોશ્યલ મીડીયા પર સતત છવાયેલો રહેતો અને 'ભાજપ સરકારને પાડી દો'ના એક માત્ર સુત્ર સાથે કોઈ પણ પક્ષમાં નહી જોડાયેલા પાસનો કન્વીનર હાર્દિક પટેલ પણ ગાંધીનગરમાં મહાસભા સંબોધશે તેવી સત્તાવાર જાહેરાત થવા પામી છે. સરકાર વિરૂદ્ધ તીખા અને ધારદાર ભાષણ માટે જાણીતો હાર્દિક પટેલ ૧૨ ડિસેમ્બરે (મતદાનનાં બે દિવસ પહેલા) ગાંધીનગર નજીક રૂપાલ ગામમાં જાહેરસભા સંબોધશે.

● અનુસંધાન પાન-૫ પર

**બેસણું**



અમારા પૂજ્ય પિતાશ્રી **બળવંતરાય શંકરલાલ મહેતા (દેરાસરી)** તા. ૭/૧૨/૨૦૧૭ના રોજ સ્વર્ગવાસી થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૧૦/૧૨/૨૦૧૭ના રોજ રવિવારે સવારે ૧૦ થી ૧૨ કલાકે** નીચેના સ્થળ રાખેલ છે.

**સ્થળ :** ડી-૧૦૨, શ્યામ શુકન રેસીડન્સી, ભાઈજીપૂરા પાટીયા બસ સ્ટોપ, પીડીપીયુ કોર્નર, રાયસણ, ગાંધીનગર - ૩૮૨૪૨૧

લી. ભાવેશ મહેતા (પુત્ર)
ગિરીશ મહેતા (પુત્ર)
રાજેશ મહેતા (પુત્ર)
ચેતના ભરતકુમાર પંડ્યા (પુત્રી)

**બેસણું**



રમણીકભાઇ અમૃતલાલ જોષી
સ્વ.તા.૬/૧૨/૨૦૧૭, બુધવાર

અમારા પ.પૂ.પિતાશ્રી **રમણીકભાઇ અમૃતલાલ જોષી** નું દુઃખદ અવસાન તા.૬/૧૨/૨૦૧૭ બુધવારના રોજ થયેલ છે. **"પ્રભુને ગમ્યું તે ખરૂં" સદ્દગતનું બેસણું તા.૧૦/૧૨/૨૦૧૭ ને રવિવારના રોજ** સવારે ૧૦ થી ૧૨ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ:-** બ્રાહ્મણોની કુઇ, જહાઆરા બાગની સામે, પાલનપુર, જી.બ.કાં. મો.૯૮૨૫૩૪૩૦૨૪

ડૉ. રસીકભાઇ એમ. જોષી (કાકા)
ડૉ. સુનિલભાઇ રસીકભાઇ જોષી (ભત્રીજો)
જોષી યશ વિપુલભાઇ (પૌત્ર)
લિ. વિપુલ રમણીકભાઇ જોષી (પુત્ર)
ડૉ. અનિલભાઇ રસીકભાઇ જોષી (ભત્રીજો)
ડૉ. નિલકમલભાઇ રસીકભાઇ જોષી (ભત્રીજો)

**ડોક્ટર મળશે નહિ**

**ડો. રાજેશ બી. શાહ**

એમ. ડી. ડી.જી .ઓ.

તા. ૯-૧૨-૨૦૧૭ થી ૧૩-૧૨-૨૦૧૭ સુધી સામાજીક પ્રસંગમા જવાનું હોવાથી ડોક્ટર મળશે નહિ.

તા. ૧૪-૧૨-૨૦૧૭થી રાબેતા મુજબ મળશે.
સમય : સવારે ૧૦ થી ૧૨ ● સાંજે ૬ થી ૮







Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com